# યુસુફભાઈ! તમે હોત તો...

(સંવર્ધિત આવૃત્તિ વેળાએ...)

આમ નામ યુસુફ બુકવાલા. પણ યથાર્થ નામ યુસુફ ગઝલવાલા... અને ખાસ તો મુક્તકવાલા. જનાબ યુસુફ બુકવાલાનો એવો ભવ્ય દબદબો ગુજરાતી ગઝલમાં. મુક્તક વિશે તો કહી જ શકાય કે એમના મુક્તક બેજોડ રહ્યાં છે.

સદાના સૌમ્ય, જીવનનો વિનમ્ર વિનિયોગ અને અન્યાયને પણ પરમાત્માનો અલગ રીતનો ન્યાય સમજીને જીવનાર યુસુફસાહેબે ક્યારેક કોઈ પણ જગ્યાએ પોતાની જાત લાદી નહીં... અને કદાચ એ જ કારણથી ગુજરાતી ગઝલનું એ જરાક ઓછું પૂજાયેલું મંદિર રહ્યા. છેલ્લા ત્રીસ વર્ષથી જે પેઢીઓની પધરામણી ગુજરાતી ગઝલમાં થઈ એમને તો કદાચ ખ્યાલ પણ નહીં હોય કે એક વખત એક યુસુફ બુકવાલા હતા ગુજરાતી ગઝલમાં જેમણે મા ગુર્જરીને અદભુત મુક્તકના શૃંગાર ધર્યા છે. ૧૯૯૪માં આ સંગ્રહની બહુ જ પ્રાથમિક કક્ષાની છપાઈ સાથેની પહેલી આવૃત્તિ (એ પણ પાછી હરીન્દ્ર દવે અને કૈલાસ પંડિતની સર્જનાત્મક સુંદર નોંધ સાથે) પ્રગટ થઈ એના ૮-૧૦ દિવસમાં યુસુફભાઈએ વિદાય લીધી. તે ઠેઠ ૩૧ વરસ પછી ૨૦૨૫માં અત્યંત રૂપકડા રૂપાળા આકાર સાથે બીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે, યુસુફ બુકવાલાની જન્મશતાબ્દીને બીજી કઈ રીતે ઉજવણી શકાય?!

ખાસ તો આ પ્રકાશન ગઝલના અસલ સુખનફહેમ, રસિયા અને નવલોહિયા ગઝલખેડુઓને યુસુફ બુકવાલાનો ચિતાર આપવા માટે છે.

ગુજરાતી ગઝલનાં અલ્પપ્રસિદ્ધ અને અતિસિદ્ધ શાયર જનાબ યુસુફ બુકવાલાને સૌ અસલ ગઝલપ્રેમીઓ તરફથી પાયલાગણી અને આરિફ યુસુફ બુકવાલાને આ અતિરમ્ય પરિશ્રમની મુબારકબાદી.

જય ગઝલ

**– શોભિત દેસાઈ**

# એક સપનું જે સાકાર થયું!

બહુ જ નાની વયે દાદીમાને પાલન પોષણનો ભાર સોંપી મારી મા આ દુનિયા છોડી ગઈ. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે ખપ પૂરતું જ શિક્ષણ મેળવી શક્યો. પિતાશ્રીની કટલેરી સામાનની દુકાન હતી ત્યાં એમનો સહારો બનવા સ્કૂલ છોડવી પડી.

સમય વીતતો ગયો. ૧૪ વર્ષની વયે કવિતાનો શોખ લાગ્યો. પચાસ વર્ષ પહેલાં મહંમદઅલી રોડ અને નાગદેવીની આસપાસ ક્યાંક જમાલ બિલ્ડિંગ હતી, તેમાં એક ગઝલપ્રેમી મિત્ર રહેતા હતા. દર બે-ત્રણ મહિને એમને ત્યાં મુશાયરાની બેઠક થતી જેમાં ઉસ્તાદ ગઝલકારો સાથે નવોદિત ગઝલકારો ભાગ લઈ શકતા.

આમ, ઉસ્તાદ ગઝલકારોમાં શ્રી આસિમભાઈને મારા કવિતા પ્રત્યેના પ્રેમની જાણ હતી, એટલે એક દિવસ એ બેઠકમાં કવિતા સાંભળવા માટેનું આમંત્રણ આપી જરૂર આવવા વિશે કહ્યું. ગઝલો, મુક્તકો અને નઝમો સાંભળી, ખૂબ મજા આવી. રાતના ચાર વાગ્યે મુશાયરાનું વિસર્જન થયું. હું ઘેર આવ્યો. આ પહેલો પ્રસંગ હતો કે, જ્યાં મેં ગઝલ નઝમ ઉપરાંત કવિતા સાહિત્યનો એક બીજો પ્રકાર મુક્તક તરીકે જોયો.

પ્રારંભમાં થોડાક  મુક્તકો લખ્યાં. એવા જ એક મુશાયરામાં મરહૂમ શ્રી શયદા સાહેબની મુક્તકો રજૂ કરવા પરવાનગી માંગી. શયદા સાહેબે જણાવ્યું કે નવોદિત ગઝલકાર શ્રી યુસુફભાઈ તમારી સામે પોતાના મુક્તકો રજૂ કરશે. હું એમની સફળતા ઈચ્છું છું.

કવિતા કરાવનારો અથવા સુધારનારો મારો કોઈ ઉસ્તાદ નહોતો એટલે મારું નામ જ મારું ઉપનામ બની ગયું. એ મુશાયરામાં પાંચેક મુક્તક સંભળાવ્યા., ખબર નથી પણ ખૂબ દાદ મળી. દાદ મળવાનું કારણ સારા મુક્તકો હતા કે, મને પ્રોત્સાહન આપવા માટે! એ પછી મુશાયરાનો સિલસાલો વધતો જ ગયો. કલકત્તા, કરાંચી, અમદાવાદ, વડોદરા વગેરે શહેરોમાંથી આમંત્રણ મળવા

લાગ્યા. ઘણા મુક્તકો, નઝમો અને ગઝલો લખતો જ ગયો. હું જે કાવ્ય લખતો તે  પ્રથમ મારી પત્નીને સંભળાવતો. જો એને પસંદ પડે તો જ તે રાખતો નહીંતર એને ભૂલી જતો. ઘણા મુશાયરામાં સંચાલન પણ કર્યું. ઘણા મુશાયરામાં પ્રમુખની ભૂમિકા ભજવી. ૧૯૬૫-૬૬ સુધી આ પ્રવૃત્તિ-મુશાયરામાં જવું અને રચના કરવી ચાલુ રહી. એ પછી અમુક મિત્રો સાથે મનદુઃખ ઊભા થતાં સમગ્ર પ્રવૃત્તિ સંકેલી લઈ નિવૃત્તિ લીધી.

મારી બેદરકારીને કારણે ઘણી રચનાઓ, મુક્તકો, નઝમો અને ગઝલો ગેરવલ્લે ગઈ છે. ઘણી રચનાઓ આમાં નથી. આ પુસ્તકમાં ન આવી હોય એવી કોઈ રચના કોઈ મિત્ર પાસે હોય તો પુસ્તકમાં લખેલા સરનામે મોકલવા મહેરબાની કરે, જેથી બીજી આવૃત્તિમાં એ આમેજ કરી શકાય.

૧૯૮૬માં સખત રીતે માંદગીમાં સપડાયો. લકવા, હાર્ટ, ડાયાબિટીસ, પ્રેશર અને આર્થ્રાઈટિસ વગેરે બીમારીઓ સાથે જાણે ગાઢ સંબંધ હોય એ રીતે મારા શરીરમાં ઘર કરી બેઠી.

૧૯૯૨-૯૩માં મારા ઘરમાં જમાલ બિલ્ડિંગમાં થતી હતી તેવી મુશાયરાની બે-ત્રણ બેઠકો યોજાઈ. જૂના મિત્રો, મારા ત્રણે પુત્રો અને મારી પત્નીએ નક્કી કર્યું કે મારો કાવ્યસંગ્રહ પ્રગટ થઈ પ્રકાશમાં આવે. આ કાવ્યસંગ્રહ દ્વારા હું મારા મિત્રોને જો સંતોષી શકું તો મારું હાથ ધરેલું કાર્ય સંપૂર્ણ માનીશ. મારા યુગના ઘમા શાયરો ઈશ્વરને પ્યારા થઈ ગયા છે, જે હયાત છે એમાં ‘શ્રી ઘાયલ’, ‘શ્રી આસિમ રાંદેરી’, ‘શ્રી હરીન્દ્ર દવે’, ‘નાઝ’, ‘જલન માતરી’ ‘કાબિલ’, ‘નાદાન’, ‘અમર પાલનપુરી’ અને અદી મીરઝા કે, જેમને મારો કાવ્યસંગ્રહ બહાર પડે તેવી હોંશ હતી. સદ્‌ગત મિત્રોની નામાવલિ બહુ લાંબી છે, જે લખતા હાથ ધ્રૂજી ઊઠે છે, અને મન કંપારી અનુભવે છે.

‘શયદા’ ગઝલ મંડળ અને ‘ગુજરાત ગઝલ મંડળ’ સ્થાપાયા પછી ગુજરાત ગઝલ મંડળે નવા શાયરો ગુજરાતને અને ગુજરાતી

ભાષી જનતાને આપ્યા– એક કૈલાસ પંડિત અને બીજા સુરેન ઠાકર જેમનું ઉપનામ છે 'મેહુલ'.

આ કાવ્ય સંગ્રહ પાછળ બધી જ મહેનત મારા પુત્રોએ કરી છે અને ખાસ કરીને મારા નાન પુત્ર આરિફે પોતાનો કીમતી સમય મારા સંગ્રહ પાછળ આપ્યો છે તે હું જીવીશ ત્યાં સુધી ભૂલી નહીં શકું.

મારા કાવ્ય સંગ્રહની પ્રસ્તાવના લખવા માટે સતત કામમાં વ્યસ્ત રહેતા શ્રી હરીન્દ્ર દવેને ખૂબ સતાવ્યા છે; ચાલીસ વર્ષની મિત્રતા પછી મારો એટલો હક તો જરૂર હતો કે હું એમ સતાવીને પણ પ્રસ્તાવના લખી આપવા મજબૂર કરું, કોણ જાણે હરીન્દ્રભાઈનું આ ઋણ ક્યા ઊતારીશ, હાલ તુરત તો હું એમનો આભાર માનું છું અને એક રિવાજ જે આભાર માનવાનો છે તેને ન્યાય આપું છું.

શ્રી કૈલાસ પંડિતે મારા ચાહક તરીકેની પોતાની ફરજ બજાવી બહુમાન આપ્યું છે, તેમનો આભારી છું.

આશા રાખુ છું કે, મારો આ કાવ્ય સંગ્રહ તમોને ગમે તો બીજું કંઈ નહીં તો મારા ત્રણ પુત્રો મઝાહીર, મુશ્તાક અને આરિફને આશિર્વાદ જરૂર આપજો કે, મારા ત્રણે પુત્રોનો ગુજરાતી સાહિત્ય પ્રત્યેનો પ્રેમ વધતો રહે.

**– યુસુફ**

## 'આદર્શ દુલ્હન'

વાત આવીતી પ્રથમ આજે બરાત આવી ગઈ
એક મુગ્ધાને દુલ્હન થાવાની રાત આવી ગઈ
        કોઈના રંગમાં રંગીન જીવન થઈ ને રહયું
        અર્થ બીડેલ કળી ખીલી સુમન થઈ ને રહ્યું
પૂર્ણ થઈ જયારે બધી રસ્મો ને મહેમાન ગયાં
સૂર્ય સાગરને મળ્યો નભમાં સિતારાં ચમક્યાં
        ત્યારે ધીમા અને માપેલાં એ પગલાં ભરતી
        સ્નેહ સંસારને શોભાવા એ ડગલાં ભરતી
આવી નિજ માતની પાસે એ રજા લેવાને
આંખમાં આંસુની સાથે એ વિદા થાવાને
        પ્યારથી માતાએ પુત્રીને હ્રદયથી ચાંપી
        શીખ બે બોલ કહ્યાં સાથમાં આશિષ આપી
"તારી સાસુને તું મારાજ બરાબર ગણજે
દેર જો હોય તો એને તું સહોદર ગણજે
        એજ ઘરને હવે તારું જ સમજ જે ઘર તું
        રહેજે એ રીતે બધાં સાથે ન લાગે પર તું
નિત્ય વરસે તારી આંખોથી અમી રસ ધારા
તારા વર્તનથી કરી લેજે બધાંને તારા
        તારી વાતોથી કદી કોઈને દુઃખ થાય નહીં
        તારી સામે કદી કો આગળી ચીંધાય નહીં
મારા ઘડપણની શીતળતાની હું છાયા દઉ છું
કંઈક વર્ષોની મેં સંઘરેલી એ માયા દઉ છું
        કોઈ ને દઉ છું હ્રદય હાથ થી આજે મારું
        એટલું યાદ રહે દૂધ ન લાજે મારું
એવું આદર્શ જીવન જીવજે જીવન માટે
એક દ્ષ્ટાંત બને તું બધી દુલ્હન માટે."